ટૉરૉન્ટો કમ્યુનિટિ
હાઉઝિંગ કૉર્પોરેશન
931 યૉન સ્ટ્રીટ
ટૉરૉન્ટો, ON
M4W 2H2

Toronto Seniors Housing Corporation

Toronto Community Housing

સોમવાર, 11મી એપ્રિલ, 2022

**1 જૂન 2022, બુધવાર**ના દિવસે, ટૉરૉન્ટો સિનિયર્સ હાઉઝિંગ કૉર્પોરેશન 83 સિનિયર્સ માટે નિર્દિષ્ટ કરવામાં આવેલી ઈમારતોનું, જે પ્રવર્તમાનમાં ટૉરૉન્ટો કમ્યૂનિટિ હાઉઝિંગનાં ભાગમાં આવેલી છે, મકાનમાલિક બનવા જઈ રહ્યું છે જેમાં તમે રહો છો તેનો પણ સમાવેશ થાય છે. આ નિગમ એ શહેરની માલિકી ધરાવતા નવા મકાનમાલિક છે જે વરિષ્ઠ ભાડૂતોની જરૂરિયાતોને સંતોષવા માટે તેનું ધ્યાન કેન્દ્રિત કરશે.

અમે આ ફેરફારને સરળ અને ધીમે ધીમે કરવાનું આયોજન કરવા માંગીએ છીએ; આગામી તબક્કો 1લી જૂનનાં દિવસે છે. તાત્કાલિક તો કંઈ ખાસ ફેરફાર નહીં થાય, તમે જે રીતે તમે ભાડું ભરો છો, એમાં પણ નહીં.

## શું મારી ઈમારતમાં કોઈ ફેરફારો કરવામાં આવશે?

જે કર્મચારી-વર્ગ તમારી ઈમારતમાં કામ કરશે તે સમાન વ્યક્તિઓ રહેશે. 1લી જૂનથી તેઓ ટૉરૉન્ટો સિનિયર્સ હાઉઝિંગ કૉર્પોરેશન માટે કામ કરશે. તેઓ ત્યાં તમારી રોજબરોજની ભાડૂત-હકની જરૂરિયાતોને સંતોષવા માટે રહેશે, અને કોઈ માહિતી માટે અથવા તો ભાડૂત-હક બાબત જો તમારે સહાયતાની જરૂર હશે તો તેઓ તમારા પ્રથમ સમન્વયકર્તા તરીકે માહિતી આપશે અથવા મદદ કરશે. સમય જતાં, સંકલિત સેવા આદર્શ વડે નવી-નવી સેવાઓ અને નાણાકીય સહાયો ઉમેરવામાં આવશે.

ટૉરૉન્ટો કમ્યૂનિટિ હાઉઝિંગ હજૂ પણ ઈમારતની માલિકી ધરાવશે, અને જો કોઈ મહત્ત્વપૂર્ણ ઈમારતમાં સમારકામો અથવા ફેરફારો કરાવવાની જરૂર હશે, તો તેની પણ કાળજી લેશે.

## હું મારું ભાડું કેવી રીતે ભરી શકું?

ફેરફારના આગામી તબક્કા દરમિયાન તમે તમારું ભાડું **ટૉરૉન્ટો કમ્યૂનિટિ હાઉઝિંગ**ને ચૂકવવાનું ચાલુ રાખશો. તમે જે રીતે તમારું ભાડું ભરતા હશો તે અત્યારે સરખું જ રહેશે અને ભાડું હજી પણ પ્રત્યેક પ્રથમ માસનાં પ્રથમ દિવસે ચૂકવવાપાત્ર રહેશે. જ્યારે તેમાં ફેરફાર કરવાનો સમય આવશે ત્યારે અમે તમને અગાઉથી જ જાણ કરીશું.

## હું ખાધાખોરાકી અને જીવન નિર્વાહ માટેની આર્થિક સહાય માટે કેવી રીતે પૂછી શકું?

પહેલી જૂનથી, વરિષ્ઠો માટે ખાધાખોરાકી અથવા માહિતીને સંતોષવા માટે – ભાડૂત સહાય કેન્દ્ર – નામની એક નવી હેલ્પલાઈન ઊભી કરવામાં આવશે. તે પ્રતિદિન 24 કલાક અને સપ્તાહનાં સાતેય દિવસો માટે ઉપલબ્ધ બનાવવામાં આવશે.

## મને વધુ માહિતી ક્યાંથી મળી શકે?

ટૉરૉન્ટો કમ્યૂનિટિ હાઉઝિંગ અને ટૉરૉન્ટો સિનિયર્સ હાઉઝિંગ કૉર્પોરેશન બન્ને સાથે મળીને આ ફેરફારને સરળ અને ધીમે ધીમે બનાવવા માટે કામ કરી રહ્યા છે. પહેલી જૂન પહેલાં જ, તમારી ઈમારતોમાં સમાચારપત્રો અને જાહેરાત-પત્રોમાં તમે આ ફેરફાર વિશે વધુ છેલ્લામાં છેલ્લી માહિતીઓ પ્રાપ્ત કરવાનું ચાલુ રાખશો, અથવા તો તમે તમારા સ્થાનિક કર્મચારી-વર્ગને પણ આ અંગે પૂછીને મેળવી શકો છો.

## પ્રશ્નો?

જો તમારે ફેરફાર વિશે કોઈ પ્રશ્નો હોય, જેમાં તમારું ભાડું ચૂકવવાનાં પ્રશ્નનો પણ સમાવેશ થાય છે, તો તમે સ્થાનિક કર્મચારી-વર્ગ સાથે વાત કરી શકો છો અથવા **416-981-5500** પર ગ્રાહક સંભાળ કેન્દ્રને કૉલ કરી શકો છો.



Toronto Seniors Housing Corporation

Toronto Community Housing

# ટૉરૉન્ટો સિનિયર્સ હાઉઝિંગ કૉર્પોરેશન

## પરિવર્તન બાબતે છેલ્લામાં છેલ્લી માહિતી

ટૉરૉન્ટો સિનિયર્સ હાઉઝિંગ કૉર્પોરેશન એટલા માટે ઊભું કરવામાં આવ્યું છે કે જેથી કરીને તે એવા વરિષ્ઠોની વિશિષ્ટ જરૂરિયાતોને સંતોષી શકે કે જેઓ હાલમાં ટૉરૉન્ટો કમ્યૂનિટિ હાઉઝિંગનાં વરિષ્ઠ આવાસનનાં ઘરમાં વસવાટ કરી રહ્યા છે. નવું નિગમ વરિષ્ઠોને સુરક્ષિત, ઘરની સરેરાશ આવક કરતાં જેની આવક ઓછી હોય તેવા સમાજનાં વર્ગ માટેનું આવાસન પૂરું પાડશે કે જેમાં વરિષ્ઠોને જેની જરૂરિયાત છે તેવા સ્વાસ્થ્યમાં પ્રવેશ-હક અપાવવામાં અને સમુદાયમાં સહાયભૂત બનવામાં મદદરૂપ બનશે.

**1લી જૂન, 2022નાં બુધવારના દિવસે તમારી ઈમારત નવા ટૉરૉન્ટો સિનિયર્સ હાઉઝિંગ કૉર્પોરેશનનો હિસ્સો બનશે.** અમે આ ફેરફારને સરળ અને ધીમે ધીમે કરવાનું આયોજન કરવા માંગીએ છીએ.

## 1લી જૂનનાં દિવસે શું-શું બદલાવવાનું છે?

**ઈમારતની કામગીરી:** ટૉરૉન્ટો સિનિયર્સ હાઉઝિંગ કૉર્પોરેશન ઈમારતનું સંચાલન કરશે, સેવાઓ આપશે અને ત્યાં ભાડૂતોને સહાયભૂત બનવા માટે ઉપસ્થિત રહેશે.

**હેલ્પલાઈન:** ભાડૂતો ખાધાખોરાકી અથવા માહિતી અંગેની વિનંતી કરવા કાજે નવી સમર્પિત હેલ્પલાઈન પર કૉલ કરી શકે છે. આ હેલ્પલાઈન તમને ભાડૂત સહાય કેન્દ્રમાં જોડે છે. તે પ્રતિદિન 24 કલાક અને સપ્તાહનાં સાતેય દિવસો માટે ઉપલબ્ધ બનાવવામાં આવશે.

જો તમારે આ ચોપનિયાંની વૈકલ્પિક ભાષામાં કે ફૉર્મેટમાં જરૂર પડે, તો તમે ગ્રાહક સંભાળ કેન્દ્રનો 416-981-5500 પર સંપર્ક કરી શકો છો.



## 1લી જૂનના દિવસે શું-શું નથી બદલાવવાનું?

**ભાડું ચૂકવવું:** પરિવર્તનનાં આગામી તબક્કા દરમિયાન તમે તમારું ભાડુ ટૉરૉન્ટો કમ્યૂનિટિ હાઉઝિંગને ચૂકવવાનું ચાલુ રાખશો. તમે જે રીતે તમારું ભાડું ભરતા હશો તે અત્યારે સરખું જ રહેશે. ભાડું હજી પણ પ્રત્યેક માસનાં પ્રથમ દિવસે ચૂકવવાપાત્ર રહેશે.

**તમારો પટા-કરાર:** તમારો પટા-કરાર નવા નિગમને હસ્તાંતરણ કરવામાં આવશે. તમારે નવા કરારમાં સહીસિક્કા કરાવવા નહીં પડે.

**કર્મચારી-વર્ગ:** જે કર્મચારી-વર્ગ તમારી ઈમારતમાં કામ કરશે તે સમાન વ્યક્તિઓ રહેશે. તેઓ ત્યાં તમારી અને તમારા પાડોશીઓની રોજબરોજની જરૂરિયાતોને સંતોષવા માટે રહેશે. કોઈ માહિતી માટે અથવા તો ભાડુત-હક સંદર્ભે સહાયભૂત બનવા માટે તેઓ તમારા પ્રથમ સમન્વયકર્તા તરીકે પણ રહેશે.

**આવાસો:** જો તમારે તમારા ઘરમાં વધુ સારી રીતે હરવાફરવા જેવી પ્રવૃત્તિ કરવાની જરૂર હોય, તો તમે હજુ પણ સુલભતા કાર્યક્રમ અન્વયે ઘરમાં ફેરફારો કરાવવા માટેની વિનંતી કરી શકો છો. અત્યારે જે ફેરફારો કરવાનાં ચાલુ છે તેને પણ પૂર્ણ કરવામાં આવશે. જો તમારે મદદની જરૂર હોય, તો ભાષાંતર અને દુભાષિયાકામની સેવાઓ પણ ઉપલબ્ધ બનાવવામાં આવશે.

**સમુદાય સુરક્ષા એકમ:** સમુદાય સુરક્ષા એકમ તમારા સમુદાયમાં કામ કરવાનું ચાલુ રાખશે. તમે તેનો સંપર્ક **416-921-2323** પર કરી શકો છો.

**ઈમારતમાં સમારકામો:** ટૉરૉન્ટો કમ્યૂનિટિ હાઉઝિંગ હજૂ પણ ઈમારતની માલિકી ધરાવશે, અને જો કોઈ મહત્ત્વપૂર્ણ ઈમારતમાં સમારકામો અથવા ફેરફારો કરાવવાની જરૂર હશે, તો તેની પણ કાળજી લેશે.


વધુ માહિતી માટે

416-981-5500

info@torontoseniorshousing.ca

torontoseniorshousing.ca

ટૉરૉન્ટો કમ્યુનિટિ
હાઉઝિંગ કૉર્પોરેશન
931 યોન સ્ટ્રીટ
ટૉરૉન્ટો, ઑન્ટેરિયો M4W 2H2

T: 416-981-5500
E: help@torontohousing.ca
www.torontohousing.ca

Toronto Community Housing

# સૂચના:

## ભાડૂત-હક વિશેની માહિતી વ્યક્તિગતરૂપે તમારા નવા મકાનમાલિકને જણાવવામાં આવશે

### ટૉરૉન્ટો કમ્યૂનિટિ હાઉઝિંગ તમારી અંગત માહિતી વિશે શા માટે વ્યક્તિગતરૂપે જાણ કરે છે?

1લી જૂન, 2022નાં દિવસે તમારા ભાડૂત-હક માટેની વ્યવસ્થા કરવા એક નવા મકાનમાલિક આવશે – ટૉરૉન્ટો સિનિયર્સ હાઉઝિંગ કૉર્પોરેશન (“**ટૉરૉન્ટો સિનિયર્સ હાઉઝિંગ**”).

એક બાજુથી જ્યારે ટૉરૉન્ટો સિનિયર્સ હાઉઝિંગ તમારા નવા મકાનમાલિક બનશે, ત્યારે બીજી તરફ ટૉરૉન્ટો કમ્યૂનિટિ હાઉઝિંગ પોતાની ઈમારતોની માલિકી ધરાવવાનું ચાલુ રાખશે.

બન્ને ટૉરૉન્ટો કમ્યૂનિટિ હાઉઝિંગ (તમારા પ્રવર્તમાન મકાનમાલિક) તેમજ ટૉરૉન્ટો સિનિયર્સ હાઉઝિંગ (તમારા નવા મકાનમાલિક) તમારા માટે આ પરિવર્તનને જેટલું શક્ય બની શકે તેટલું સરળ અને ખામીરહિત બનાવવા ઈચ્છે છે.

અમારી સાથેનાં તમારા ભાડૂત-હક દરમિયાન, ટૉરૉન્ટો કમ્યૂનિટિ હાઉઝિંગે *હાઉઝિંગ સર્વિસિઝ ઍક્ટ, 2011* અન્વયે એક સ્થાનિક હાઉઝિંગ કૉર્પોરેશન તરીકે અમારા નિર્દેશને પરિપૂર્ણ કરવા માટે, *રેસિડેન્શિઅલ ટેનન્સિઝ ઍક્ટ, 2006* અન્વયે એક મકાનમાલિક તરીકે અમારી જવાબદારીઓ ઊઠાવવા માટે, અને/અથવા ઘરની સરેરાશ આવક કરતાં જેની આવક ઓછી હોય તેવા સમાજનાં વર્ગ માટેનાં આવાસન કાર્યક્રમ અનુસાર પરવડી શકે તેવા ભાડાનાં મકાનોને પૂરા કરવા માટે, તમારા વિશેની અંગત માહિતીને એકત્રિત કરી છે.

આ અંગત માહિતીને *મ્યુનિસિપલ ફ્રીડમ ઑફ ઈન્ફોર્મેશન ઍન્ડ પ્રોટેક્શન ઑફ પ્રાઈવસી ઍક્ટ* (“**MFIPPA**”) અનુસાર એકત્રિત કરવામાં આવી છે, ઉપયોગમાં લેવામાં આવી છે અને છતી કરવામાં આવી છે.

ટૉરૉન્ટો સિનિયર્સ હાઉઝિંગને, તમારા નવા મકાનમાલિક તરીકે, હવે તેનાં નિર્દેશને પરિપૂર્ણ કરવા માટે તેમજ તમને શક્ય તેટલી શ્રેષ્ઠ સેવા પૂરી પાડવા માટે આ માહિતીની જરૂર પડશે.

પરિણામ સ્વરૂપે, ટૉરૉન્ટો કમ્યૂનિટિ હાઉઝિંગ તમારી પાસેથી જે માહિતી એકત્રિત કરશે તે ટૉરૉન્ટો સિનિયર્સ હાઉઝિંગને જાણ કરશે જે ટૉરૉન્ટો સિનિયર્સ હાઉઝિંગ માટે તેની જવાબદારીઓ ઊઠાવવા માટે, તેનાં નિર્દેશને પરિપૂર્ણ કરવા માટે, તેમજ એ બાબતની ખાતરી રાખવામાં સહાયભૂત બનવા માટે કે સેવા દરમિયાન આવતા કોઈ પણ અવરોધોને શક્ય તેટલા સીમિત કરવામાં આવે તે માટે અત્યંત જરૂરી છે.

## ટૉરૉન્ટો સિનિયર્સ હાઉઝિંગને વ્યક્તિગતરૂપે અમે શું-શું શૅર રહ્યાં છીએ?

જ્યારે તમે આવાસન માટે અરજી કરી ત્યારે અને તમારા સમગ્ર ભાડૂત-હક દરમિયાન અમે જે અંગત માહિતી એકત્રિત કરી હતી તે અંગે અમે વ્યક્તિગતરૂપે જાણ કરીશું, જેમાં આનો સમાવેશ થતો હોવા છતાં તેટલા પૂરતી મર્યાદિત નથીઃ

- સંખ્યા, ઓળખ, વય, વૈવાહિક અથવા કૌટુંબિક દરજ્જો અને તમારા ઘરમાં નિવાસ કરતા લોકોનો કૅનેડાનાં સંદર્ભે દરજ્જો
- તમારા ઘરમાં જે લોકો નિવાસ કરતા હોય તેની આવક અંગેની માહિતી, સંપત્તિ અંગેની માહિતી, ભૂતકાળમાં ચૂકવેલ ભાડાની વિગતો તેમજ અન્ય આર્થિક માહિતી
- ભાડૂત-હકને લગતી સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે વ્યવસ્થા કરવા માટે તબીબી માહિતી તેમજ અન્ય જરૂરી માહિતી જેમાં આનો સમાવેશ થતો હોવા છતાં તેટલા પૂરતી મર્યાદિત નથી, આપાતકાલીન પરિસ્થિતિનાં સંજોગોમાં જો કોઈ વ્યક્તિને તમારી ઈમારતમાંથી બહાર નીકળવામાં મદદની જરૂર પડે તો
- તમે અથવા તમારા ઘરનાં સભ્યોએ જે માણસોનાં નામો અને સંપર્ક માહિતીને આપાતકાલીન પરિસ્થિતિના સંજોગોમાં સૂચિબદ્ધ કરી છે તે
- તમારા ભાડાનાં મકાનની સ્થિતિ વિશેની માહિતી, જેમાં તમારા ઘરમાં રહેલા પાલતુ પ્રાણીઓ વિશેની માહિતી અને ઘરનાં ફોટાઓ અને તપાસણી દરમિયાન તેની વિગતોનો સમાવેશ થઈ શકે છે
- કેટલા પ્રમાણમાં વીજળી, ગૅસ, પાણી અથવા અન્ય સેવાઓનો ઉપયોગ તમારા ભાડાનાં ઘરમાં થઈ રહ્યો છે તે અંગેની આંકડાકીય વિગતો ઉપરાંત આ સેવાઓ લેવા માટે તમે જે ખાતાંનો ઉપયોગ કરો છો તે સક્રિય છે કે કેમ તેની વિગતો
- તમારા ભાડૂત-હક સાથે સંબંધિત સંજોગો સાથેનાં સંબંધમાં તમે, તમારા ઘરનાં સભ્યો અને/અથવા તમારા ઘરમાં રહેતા મહેમાનોએ અન્ય ભાડૂતો સાથે, ટૉરૉન્ટો કમ્યૂનિટિ હાઉઝિંગનાં કર્મચારી-વર્ગ અને/અથવા અન્ય વ્યક્તિઓ સાથે જે સંપર્ક અને પારસ્પરિક વ્યવહાર જાળવ્યો હોય તે અંગેની માહિતી

- ક્લોઝ્ડ સર્કિટ ટેલિવિઝન (CCTV) કૅમેરા અને બહારની વ્યક્તિઓ ઉપર દેખરેખ રાખવા માટે ટૉરૉન્ટો કમ્યૂનિટિ હાઉઝિંગની મિલકતમાં જે વ્યક્તિઓ અને બનાવો ઝડપવામાં આવ્યા હોય તેની તસવીરો
- તમારી સાથે સંબંધિત, તમારી સાથે જે લોકો રહે છે તેની સાથે સંબંધિત અથવા તો તમારા ભાડાનાં ઘર સાથે સંબંધિત અમારી માલિકીની જમીનમાં તમારી વિરુદ્ધ જો કોઈ પોલીસ ફરિયાદ થઈ હોય તો
- મકાનમાલિક અને ભાડૂત બોર્ડ સમક્ષ કાનૂની કાર્યવાહી સાથે સંબંધિત નોટિસો, પારસ્પરિક આદાનપ્રદાનો, વાદવિવાદો અથવા અન્ય લિખિત પ્રમાણો
- તમારા ભાડાનાં ખાતામાં ચૂકવવા માટેની બાકી રકમ અથવા અન્ય કોઈ નાણું ચૂકવવાનું હોય તો

ટૉરૉન્ટો કમ્યૂનિટિ હાઉઝિંગ એવા અગાઉનાં ભાડૂતોનું સરનામું, સંપર્ક માહિતી અને આર્થિક માહિતી વિશે પણ જાણ કરી શકે છે જેમણે તેમનાં અગાઉનાં ભાડૂત-હક સાથે સંબંધિત ટૉરૉન્ટો કમ્યૂનિટિ હાઉઝિંગને નાણાં ચૂકવવાનાં બાકી છે.

**આ માહિતીને કેવી રીતે એકત્રિત કરવામાં આવી હતી?**

ટૉરૉન્ટો કમ્યૂનિટિ હાઉઝિંગે આમાંની કેટલીક અંગત માહિતી સીધી તમારી પાસેથી જ એકત્રિત કરી હતી, જેમ કે, તમારા ભાડા અરજીના પત્રક પર હતી તે, તમારી વાર્ષિક આવક પત્રક પર હતી તે તેમજ RGI નિરીક્ષણ પત્રકમાંથી, ઉપરાંત તમારા ઘરે જે ફરિયાદો કરી હતી તેનાં દ્વારા, ઉપરાંત અન્ય કેટલાક લિખિત પ્રમાણોમાંથી જેને તમે કાં તો પૂર્ણ કર્યા હોય અને/અથવા અમને પૂરા પાડ્યા હોય.

અમે અન્ય માહિતીને આડકતરી રીતે એકત્રિત કરી હતી, જેમ કે, નોંધો રાખીને, ફોટા અને ડિજિટલ ઈમેજિઝ મેળવીને. અમુક કિસ્સાઓમાં, અન્ય વ્યક્તિઓ/સંસ્થાઓ તરફથી અમને અંગત માહિતી પૂરી પાડવામાં આવી હતી, જેમાં આનો સમાવેશ થતો હોવા છતાં તેટલા પૂરતી મર્યાદિત નથી: આવાસનમાં પ્રવેશ-હક મેળવવા માટેનું અરજી પત્રક; ભાડા અને શાખ વિશે જાણ કરતી એજન્સીઓ; ઑન્ટૅરિયો વર્ક્સ; ઑન્ટૅરિયો ડિસેબિલિટી સપોર્ટ પ્રોગ્રામ; અન્ય આવાસન પ્રદાતાઓ અને મકાનમાલિકો; સમવાયી અને પ્રાંતીય સરકારનાં મંત્રાલયો અને એજન્સીઓ; વીજળી, ગૅસ, પાણી અથવા મળપાણી નિકાલ વ્યવસ્થાનાં પ્રદાતાઓ; નોકરીએ રાખનારાઓ; નાણાકીય સંસ્થાઓ; પોલીસ, અગ્નિ અને આપાતકાલીન સેવાઓ; એવી વ્યક્તિઓ અને સંસ્થાઓ જેણે અમને ફરિયાદો કરેલી છે.

**ટૉરૉન્ટો સિનિયર્સ હાઉઝિંગ કેવી રીતે માહિતીને છતી કરી શકે છે અને/અથવા તેનો ઉપયોગ કરી શકે છે?**

જ્યારે ટૉરૉન્ટો સિનિયર્સ હાઉઝિંગ માટે તેની જવાબદારીઓને પરિપૂર્ણ કરવાની અને/અથવા તેનાં નિર્દેશને અમલી બનાવવાની બાબત અનિવાર્ય હોય, ત્યારે આ માહિતીનો ઉપયોગ અને/અથવા છતી કરી શકે છે, જેમાં આનો પણ સમાવેશ થાય છે:

- એ નક્કી કરવાનું કે શું તમારું ઘર ભાડામાં આર્થિક સહયોગ પ્રાપ્ત કરવા માટે પાત્ર બને છે કે કેમ, ભાડું નક્કી કરવું તેમજ ભાડામાં આર્થિક સહયોગ આપવા બાબત વહીવટ કરવો
- ઘરની સરેરાશ આવક કરતાં જેની આવક ઓછી હોય તેવા સમાજનાં વર્ગ માટેનાં આવાસન કાર્યક્રમની જરૂરિયાતોનો વહીવટ કરવો
- એ બાબતની ખાતરી કરવા કે તમારું ઘર પટા-કરારનાં નિયમોનું પાલન કરે છે તેમજ તમામ લાગુ પડતી ટૉરૉન્ટો સિનિયર્સની આવાસન નીતિઓ અને પ્રક્રિયાઓનું પાલન કરે છે
- ભાડૂત-હકની સમસ્યાઓને આંતરિક રીતે તેમજ અન્ય એજન્સીઓનાં સહયોગ વડે, તેમજ સમિતિઓ, ન્યાયપંચો અને અદાલતો સમક્ષ વ્યવસ્થા કરવી
- ભાડૂતની ફરિયાદોનો ઉકેલ લાવવો અને પ્રાપ્ત થયેલ પૂછપરછો/પ્રશ્નોનાં જવાબ આપવા
- તમે તમારું ભાડું સમયસર ચૂકવો તેમજ તમારા પાછલા દેવાંનો ઉકેલ લાવો એ બાબત તમને મદદ કરવી (જેમાં તમને એવા કાર્યક્રમો સાથે જોડવાનો સમાવેશ થાય છે જે તમને તમારા ભાડાની ચૂકવણી તેમજ તમારા ભાડાનાં એકમમાં વીજળી, ગૅસ, પાણી અથવા નિકાલ વ્યવસ્થા બાબત સહાયરૂપ બનતા હોય)
- તમને અને/અથવા તમારા ઘરનાં સભ્યોને સેવાઓ સાથે જોડવા તેમજ તમારા ભાડૂત-હકને જાળવવામાં મદદ કરવા માટે નાણાકીય સહાય પૂરી પાડવામાં સહાયભૂત બનવું
- ભાડૂતોની વધુ સારી સેવા કરવા માટે મોજણીઓ, સંશોધન અને અન્ય સહભાગ લેવાની પ્રવૃત્તિઓનું સંચાલન કરવું
- તમામ ભાડૂતો માટે તેમજ એવા કોઈ વ્યક્તિ માટે જેને ટૉરૉન્ટો સિનિયર્સ હાઉઝિંગ દ્વારા સંચાલન કરવામાં આવતી અને ટૉરૉન્ટો કમ્યૂનિટિ હાઉઝિંગ દ્વારા માલિકી ધરાવવામાં આવતી મિલકતમાં પ્રવેશ-હકની જરૂર પડે તેને માટે સ્વસ્થ અને સુરક્ષિત વસવાટ કરવાની પરિસ્થિતિઓને જાળવવી તેમજ એવા તમામ ભાડૂતો અને અન્યોનાં સ્વાસ્થ્ય અને સલામતી માટે કોઈ કોઈ નુકસાન થવાનાં જોખમમાં ઘટાડો કરવો અને/અથવા દૂર કરવો જેને આવી મિલકતમાં પ્રવેશ-હક મેળવવાનીની જરૂર પડે
- લોકોના સ્વાસ્થ્ય અને સલામતીનો સમાવેશ કરતા બનાવો, સગવડો, મિલકતો અને વીમાના દાવાઓ સાથે સંકળાયેલી ઘટનાઓ અંગે તપાસ કરવી

- ટૉરૉન્ટો સિનિયર્સ હાઉઝિંગ દ્વારા સંચાલન કરવામાં આવતી મિલકતો પર જાહેર સલામતીને વધારવી તેમજ ગુનાના બનાવોને ઘટાડવા
- એવા બનાવો જે પોલીસની તપાસ હેઠળ હોય તેમાં કાયદાનો અમલ કરનારી એજન્સીઓને પુરાવો પૂરો પાડવો
- ટૉરૉન્ટો સિનિયર્સ હાઉઝિંગ અને ટૉરૉન્ટો કમ્યૂનિટિ હાઉઝિંગનાં કાનૂની અધિકારોનું જરૂરિયાત મુજબ રક્ષણ કરવા માટે પુરાવો પૂરો પાડવો
- તેનાં આદેશો અને જવાબદારીઓનું પાલન કરવું, તેમજ કાનૂન દ્વારા જરૂરી જો કોઈ અન્ય પ્રવૃત્તિઓનું પરવાનગી આપ્યા મુજબ સંચાલન કરવું

ટૉરૉન્ટો સિનિયર્સ હાઉઝિંગ દ્વારા તેની રેકૉર્ડ્સ જાળવવાની નીતિ અનુસાર અંગત માહિતીને જાળવી રાખવામાં આવશે.

- ટૉરૉન્ટો કમ્યૂનિટિ હાઉઝિંગ દ્વારા અંગત માહિતીનું એકત્રિકરણ, ઉપયોગ અને પ્રગટીકરણ સાથે સંબંધિત પ્રશ્નો અને ચિંતાઓ માટે કૃપા કરીને રેકૉર્ડ્સ અને માહિતી વ્યવસ્થાપક Nicole Schoonderbeekનો 931 યૉન સ્ટ્રીટ, છઠ્ઠો માળ, ટૉરૉન્ટો, ON, M4W2H2, **416-945-0465**, **privacy@torontohousing.ca** ખાતે સંપર્ક કરો.
- ટૉરૉન્ટો સિનિયર્સ હાઉઝિંગ દ્વારા અંગત માહિતીનું એકત્રિકરણ, ઉપયોગ અને પ્રગટીકરણ સાથે સંબંધિત પ્રશ્નો અને ચિંતાઓ માટે કૃપા કરીને Rajni Vaidyarajનો 423 યૉન સ્ટ્રીટ, બીજો માળ, ટૉરૉન્ટો, ON, M5B 1T2, **416-729-5000**, **Rajni.Vaidyaraj@torontoseniorshousing.ca** ખાતે સંપર્ક કરો.